પ.પ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામિ મહારાજકૃત 1.

# દ્વિસાહસ્ત્રી શ્રી ગુરુચરિત્રમ

ગુજરાતી અનુવાદ.

P-56-64

શ્રી દત્ત બોલ્યા: પ્રારબ્ધવશ સકળ ચરાચર ભૂતો પર પડતો હોય છતાંય ધીરપુરુષ પૃથ્વી ના જેમ માર્ગ થી ચલિત ન થતાં ક્ષમા ધારણ કરે છે. નગ, પર્વત, વૃક્ષ પાસેથી તે બંધિત થઇ પરાધીન થતા છતાંય ખિન્ન ન થતાં પરાર્થતા અંગી લેવાનું શીખે છે. -3-

- વાયુ પાસેથી શીખ્યો ને વાયુ ના જેમ માત્ર આહાર થી તુષ્ટ થાય છે પણ તેનાં રસ-સ્વાદ ની અપેક્ષા રાખતો નથી. વિષય નું સેવન કરતા હોવા છતાંય વાયુ જેમ દહન આદિ દોષ થી અલિપ્ત રહે છે. -4-

- તેજ રીતે વાયુ થી શિક્ષિત પુરુષ, વાયુ જેમ ગંધાદિ ગુણ નું વહન કરવા છતાં તેનાથી અસંગ- અલિપ્ત રહે છે. તેમ તે ગુણાશ્રિત હોવા છતાં ગુણયુક્ત બનતો નથી. તેને પોતાનું સ્વરૂપસંધાન સતત રહે છે

વળી આકાશ થી શિક્ષિત થયેલો પુરુષ આકાશ ના જેમ જ તેજ, જલ, ભૂમિ ને વીંટળાયેલો હોવા છતાંય તેનાં સ્પર્શ થી રહિત રહે છે. -5-

વાયુપ્રેરીત મેઘ થી અસ્પૃષ્ટ આકાશ ના જેમ (તે પુરુષ) પ્રત્યગાત્મ સ્વરૂપે, ~~બ્રહ્માત્મ~~ બ્રહ્માત્મસ્વરૂપે દેહ થી અસંગ અને છતાંય

અભેદભાવે સ્વચ્છતાથી યુક્ત થઈ જગતને પાવન કરે છે. -6-

જળથી શિક્ષિત થયેલો પુરુષ જળના જેમ રસ્ય એટલે મધુરભાષી, સ્નિગ્ધ, લોકો પ્રત્યે અનુરાગવાળો, ભાવશુદ્ધ તથા જ્ઞાની, સ્વદેહ થી દર્શનાદિ કરતો લોકોને પાવન કરે છે. જ્યારે અગ્નિથી શિક્ષિત થયેલો પુરુષ હોવા છતાં ગુપ્ત, કામનાઓને પુષ્ટ તથા પાપોનું દહન કરતો. 7

ક્યાંય ભોગવતો છતાં નિર્દોષ તથા જ્ઞાનની અતિશયતાથી પ્રદીપ્ત હોવાથી અક્ષુબ્ધ અપરિગ્રહી, જ્યાંથી જ આહાર લેતો હોવા છતાંય અગ્નિના જેમ અમલિન હોય છે. 8

જ્યારે ઇંધણમાં રહેલાં તદ્રૂપ અગ્નિના જેમ તે પુરુષ ઉચ્ચ દેવોમાં કે તિર્યક્‌માં તદ્રૂપ પ્રતીત થતો હોવા છતાંય એ પ્રતીતિ વાસ્તવિક ન હોતા કાષ્ઠ સંયુક્ત અગ્નિનાં આકારના જેમ મિથ્યા હોય છે. કારણ કે અગ્નિજ્વાળા અનિત્ય હોવા છતાંય તેમજ પ્રતિક્ષણ વર્તમાન હોવા છતાંય સ્થૂળ દૃષ્ટિથી દેખાતા નથી તેજ રીતે અહીં જીવનના ક્ષણભંગુરતા વૈરાગ્યાર્થે જ્ઞાતવ્ય છે. 9

તેજ રીતે પ્રકાશવિકારો પણ દેહના જ છે. આત્માનાં નથી એજ ચંદ્રમા સ્થિત થયેલો પુરુષ માને છે. અર્થાત દેહ ચંદ્રકલાના જેમ વિકારી છે. જ્યારે આત્મા તો ધ્રુવ કૂટસ્થ છે એ જ રીતે સૂર્યમાં સ્થિત પુરુષ સૂર્યના જેમ સદા એકરૂપ હોવા છતાંય સ્થૂલ બુદ્ધિથી દેખાતા અભિવ્યક્તિને સત્ય માનતો નથી. (૧૦)

જેમ સૂર્ય ઘડામાંના જલ માં થતાં પ્રતિબિંબ તથા કિરણોથી તે આવતો દેખાય તેમ યોગી પુરુષ પોતાના ઇન્દ્રિયો માં ગુણોથી થતા વિકારો માં પોતે આવ્યું કે પ્રાપ્ત કર્યું હોવાનું અભિમાન ધરતો નથી. (૧૧)

આમ મુક્તાત્મા પણ જો આસક્તિનો પ્રસંગ પાડે તો તે કપોતના જેમ નાશ પામે. કોઈક કપોત અને કપોતી સ્નેહથી પરસ્પર બંધાઈ વન માં ક્રિડારસિક વિચરતાં હતાં. ૧૨

મધુર આલાપથી ખુશ કરતા એ કપોતની ઇચ્છાઓ કષ્ટ સહીને કપોત પૂરી કરતો. કપોતી એ ઇંડા મુક્યા, → બન્ને પોષવા લાગ્યા. પછી ઇંડા માંથી થયેલા બચ્ચાંને માળા માંથી બહાર આવતાં શિકારીએ જાળમાં બાંધ્યા

વન માં આવેલા કપોત તે જોઈને દુઃખ થી કકળતી એ જાળ માં પડી તથા પછી કપોત પણ વિસ્મૃત અવસ્થામાં શિકારીના જાળ માં સપડાશે. (આમ ગૃહાસક્ત નો કાળ ગ્રસ્ત થાય છે.) 14

આમ કુટુંબ માં જ સુખ માનનારો, પ્રિયવિષય થી અશાંત થયેલો તથા ગૃહબુદ્ધિ થી ગૃહાસક્ત રહેલો પુરુષ કપોતના જેમ મુક્તિદ્વાર સમા મનુષ્ય જીવન થી ચ્યુત થઈ એવા દીન લોક માં પ્રવેશે છે. 15

તેથી અજગર સમ થઈ પુરુષે પ્રારબ્ધ જ અવશ્યંભાવિ હોઈ અર્થપ્રાપ્તિ માં સમય નો દુર્વ્યય ન કરવો જોઈએ. સ્વર્ગ અને નરક માં જેમ દુઃખ છે તેમ ઇન્દ્રિયસુખ પણ છે જે તેથી ઉદાસીન અજગર વૃત્તિવાળો પુરુષ તે ઇચ્છતો નથી. તો પછી દેહ નો નિર્વાહ કેવી રીતે થાય? તો કહે છે કે પ્રારબ્ધવશ ઓછું, વધારે, મિષ્ટ કે નિરસ જે મળ્યું તે [illegible] ખાધું અને મળ્યું તો તે પણ દૈવવશ જ પ્રાપ્ત થયું છે તેમ માની મુક્ત સૂઈ રહેવું એમ (અને સ્વાદદૃષ્ટિએ અજ્ઞાત રહેવું) એટલે કે દર્શન જેવા વ્યાપારો પણ બંધ કરવા.

આમ પ્રારબ્ધવશ ભોગયુક્ત હોય કે ભોગરહિત હોય તો પણ સમુદ્ર થી શિક્ષિત થયેલો પુરુષ હર્ષ-શોક

કરતો નથી. જેમ વર્ષા માં સરિતાના જલથી ~~ભરાતો~~ ભરાતો સમુદ્ર ક્ષુબ્ધ થતો નથી અને ગ્રીષ્મ માં એ જલપ્રાપ્તિ કારણ થતાં સ્વયં સુકાઇ જતો નથી તેમ પુરુષ સમૃદ્ધિ કે ક્ષય માં રાગનો અભાવ અને પોતાની મર્યાદા નો પાલન થી અવિકારી રહે છે. બહાર થી પ્રસન્ન અને અંદર થી સમુદ્રની જેમ નિશ્ચલ રહે છે. 18

હવે વિષયાસક્ત મનુષ્ય કેવી રીતે નાશ પામે છે તે કુરંગ, માતંગ, પતંગ, ભૃંગ અને મીનપાસેથી પ્રાપ્ત થતા શિક્ષણ દ્વારા કહે છે. પ્રથમ તો સ્ત્રીનાં વિલાસ સૌન્દર્ય થી મોહિત અને તેથી પરવશ બનેલો પુરુષ અગ્નિમાં નાશ પામતાં પતંગિયા ની જેમ નાશ પામે છે. 19

એવી રીતે મધુકર થી શિક્ષિત થયેલો પુરુષ બધામાંથી ભમરાની જેમ સાર જ ગ્રહણ કરે છે. થોડો રસ મળે તો પણ એક જ જગ્યાએ ન રહેતાં તે સર્વત્ર વિચરે છે. પરંતુ એ જ ભ્રમર વિશિષ્ટ રસ ના લોભથી એક જ કમળ માં રહેતાં બંધાય છે, તેમ જ્ઞાનીપુરુષ ક્યાંય મોહ માં બંધાતો નથી તેમ રસનો સંગ્રહ કરતો નથી. 20

હાથી થી પ્રાપ્ત થતા શિક્ષણના પ્રમાણે ઝાકળના જેમ
પોતાના કે પારકા સ્તનોમાં પાણી થી પુરુષ બંધાય છે.
આ શૂર દ્વારા ડૂબાય છે. એજ રીતે મહાપુરુષના જેમ
ભલો કોઈને આપેલું કે ન સ્વયં ભોગવેલું માત્ર
દુઃખથી સંચિત કરેલું ધન કોઈક દ્વારા
ભોગવાતું હોય છે. 21

તેથી દુઃખ પૂર્વક અર્જિત કરેલું અન્ય પુરુષ સ્વયં
ભોગવે એ જ રીતે મૂંગા થી શિક્ષિત થયેલો પુરુષ
ગાયકોનું સાંભળીને નહીં કે ભણવામાં
'સાંભળીને મૂંગાના જેમ બંધાય નહીં તથા નૃત્ય
વગેરે જોઈને મૂંગાના પુત્ર તરફ શૃંગની જેમ
બંધાય નહીં. 22

વળી મહર્ષિથી શિક્ષિત પુરુષ જેમ માછલું
જાળ માંના ખોરાક ને લેવા જતાં તેના મોઢામાં પ્રવેશ
થઈ વિંધાય તેમ કામના રસથી બંધાય નહીં. તેથી
અલ્પ કે પરિમિત ભોજન થી કામને જીતી શકાય
માટે 'રસ' જીત્યે જીત્યું બધું એમ કહેવાય છે.

રસ જીતવા છતાંય આશાબદ્ધ કોઈ વેશ્યાનો
શિક્ષણ મેળવી મરતા શિષ્યને સમજાવે છે- વિદેહપુર
ના પિંગલા નામના વેશ્યા બહુ રૂપ આપનાર
કોઈના રાહ જોતી હતી ત્યાં સુધી તેને ઊંઘ નહીં
પડી સુખી કરનારી નિર્વેદાત્મક બુદ્ધિ થતાં

વિવેકપૂર્વક પોતાને ધિક્કારવા લાગી પોતાના આત્મસ્થ અંત:સ્થિત ને ચાહવા લાગી. (૨૫)

આત્મારામ ને વિસ્મરીને મૂર્ત્ય, અશુદ્ધ તુચ્છ વ્યભિચારીને ચાહવા બદલ તે પોતાને ધિક્કારવા લાગી તથા હવે પછી દૃઢ થઈ આત્માને વરી સ્વપ્રકાશ અપરોક્ષરૂપ આત્મારામ ની સાથે જ હું રમીશ એવું તેણે નક્કી કર્યું. (૨૬)

એમ કરીને આશા નાં બંધન તોડી આત્મારામ થયેલ મનુષ્ય આશા નાં દુઃખ વિનાના નૈરાશ્યને વ્યવહારમાં પણ પરમ સુખ માન તો નિરાંતે ઊંઘી શકે. નિરાશા ને પણ પરિગ્રહ દુઃખદાયક હોવાનું પિંગળા દ્વારા પ્રાપ્ત શિક્ષણ થી સાબિત થાય છે. દારિદ્ર નહિં પણ અકિંચન થઈ અપરિગ્રહ જ સુખી થાય છે.

માંસ નાં ટુકડાવાળા ટિટોડીને બાજ હણે છે. નિરામિષ ને નડી તેથી પરિગ્રહ નાં અભાવે જે સુખપ્રાપ્તિ થાય છે તેમાં માન-અપમાનની ચિંતા વિના પરમસુખ પ્રાપ્ત થતું હોવાનું બાળક પાસેથી મળતાં શિક્ષણ થી સાબિત થાય છે. સત્કાર, તિરસ્કાર, ઘરકુટુંબ નાં ભરણપોષણ ની ચિંતા થી રહિત એવો આત્મરતિવાળો પુરુષ બાળકની જેમ પરમ સુખને પામે છે. 27

તેણી જઈ, અનુક્રમે, મુગ્ધ બાળક આત્માનંદ તથા પ્રાકૃતિક ગુણોને અલૌકિકમાં ઈશ્વરભાવને પામે છે. આવી સ્થિતિ માટે અભ્યાસ કરવા કુમારી નાં કંકણ પાસેથી મળતું શિક્ષણ મહત્વનું છે. કોઈક એકલી કન્યાને ત્યાં મહેમાન આવતાં તેમનો સત્કાર કરવા તે અંદરનાં ઓરડામાં ડાંગર ખાંડવા બેઠી ત્યારે હાથ નાં બંગડી કંકણ ખખડતાં મહેમાન જાણી જશે એમ લાગતાં એક એક કંકણ કાઢી નાંખતાં અવાજ ન થયો. આમ બે જણા સાથે રહેવાથી અવાજ, વાતચીત થાય છે તથા અસંગ એકાકી જીવન વધુ આત્માનંદદાયક છે તે સમજાય છે. (28)

આમ બાળાએ એક કંકણ પર જે રીતે વાત ને પ્રગટ ન થવા દીધી તે રીતે કલિયુગમાં બે જણ સાથે મળતાં જીવન ના વ્યર્થ વાતોમાં જ સમય જાય ને આત્મચિંતન થઈ શકે નહીં માટે એક કંકણ ની જેમ એકાકી જીવન જીવવાનું શિક્ષણ પ્રાપ્ત થાય છે. (29)

નિઃસંગ થઈને પણ માણસે અનિયમિત નિવાસ કરવો જોઈએ એવું શિક્ષણ સર્પ પાસેથી પ્રાપ્ત થાય છે. આ રીતે શિક્ષણ થયેલો પુરુષ સર્પની જેમ અધ્રુવ શરીર માટે ગૃહારંભ દુઃખદાયક હોવાનું સમજી ગમે ત્યાં ગુફામાં યા ક્યાંય ક્વચિત બીલમાં ઘર કરીને સમય પસાર કરે છે. 30

એકાંતમાં નિવાસ, એકાગ્રચિત્ત રહેવાથી પ્રાપ્ત થતી એકાગ્રતા શરકાર - બાણ બનાવનાર પારંગત પ્રાપ્ત થતા શિક્ષણ દ્વારા સિદ્ધ થાય એ રીતે વૈરાગ્યનાં અભ્યાસ દ્વારા અંતઃકરણ ને આત્મામાં શુદ્ધ કરી (31)

ચિત્તને અવધાનપણે વાસનાથી મુક્ત કરી સિદ્ધ થતી એકાગ્રતા જ ધ્યાન નું પ્રધાન સાધન હોઈ બ્રહ્માકાર વૃત્તિવાળો આત્મદર્શી મુનિ નિર્વાણ પામે છે. (32)

જે રીતે બાણ બનાવવામાં એકાગ્ર થઈ ગયેલાં બાણ બનાવનારની પાસેથી પસાર થઈ જતા રાજાની સવારીનો ખ્યાલ પણ ન આવ્યો તે રીતે તે મુનિને આત્મદર્શન થાય છે. આવાં ધ્યાનનિરતને બ્રહ્મસાયુજ્ય ક્રિયાથી પ્રાપ્ત થતાં શિક્ષણ પ્રમાણ અશક્ય નથી. તે વિષ્ણુ નું સાયુજ્ય પ્રાપ્ત કરે છે. (33)

જેમ કોશેટોમાંનો કીડો ભમરીનું સતત ધ્યાન ધરવાથી ભમરી બની જાય છે તે રીતે બ્રહ્મનાં ચિંતન થી મનુષ્ય બ્રહ્મમય બની રહે છે. એ જ રીત કરોળિયાથી શિક્ષિત થયેલો પુરુષ કરોળિયો જે રીતે પોતે પ્રસારિત કરેલા તંતુજાળ માં વિહરી તે જ તંતુ બહાર ખેંચે છે તેમ ઈશ્વર પણ આ સંસૃતિ જાળને પોતાનામાં પાછી ખેંચી લે છે. એમ સમજે છે. 34

સૃષ્ટિના પૂર્વે ઈશ્વર પોતાની કારણભૂત માયાથી સર્જેલા જગતનાં પ્રલય સમયે તેને પોતાનામાં સમાવી લે છે. (35)

ગુણસામ્યને પ્રાપ્ત થયેલી સત્વ વગેરે શક્તિ પ્રધાન પ્રકૃતિ, પુરુષ, જીવસ્વરૂપ ઈશ સ્વયં અજ, નિરૂપાધિક અને તેથી મોક્ષ નામના પરમાનંદનું નિધાન છે. (36)

એજ ઈશે પોતાનાં અનુભાવથી પોતાની માયાને સંયુક્ત કરી સંસારનાં હેતુ માટે ક્રિયાશક્તિપ્રધાન મહત્તત્વનું સર્જન કર્યું. એ જ સુત્ર ત્રિગુણાશક્તિએ અહંકાર દ્વારા વિશ્વનું સર્જન કર્યું. (37)

જે કારણભૂત સમષ્ટિરૂપ સુત્રમાં આ વિશ્વ ગ્રથિત થયેલું છે. તથા જે વાયુ-પ્રાણરૂપથી જીવ સંસારમાં જાવે છે તે દેહ પારકો તેમજ માતાપિતામાં રક્તરેતથી ઉત્પન્ન થયો કોઈ વૈરાગ્યજનિત બોધનું ઉદાહરણ બને છે. (38)

જેમ વૃક્ષ અન્ય વૃક્ષ મહેનાં બીજનું સર્જન કરીને નાશ પામે છે તેમ સ્ત્રીપુત્રાદિમાં પોષણમાં રત પ્રિયદેહ નાશ પામે છે. અનેક સપત્નીઓ જેમ પુરુષને છિન્નભિન્ન કરે તેમ ઇન્દ્રીયો તેને છિન્નભિન્ન કરે છે. એમ ઉક્ત ગુરુઓ પાસેથી પ્રાપ્ત કરી મુક્તપુરુષ નિર્મોહ-નિરહંકારી થઈ

પ્રારબ્ધવશ વિચરે છે.

આમ ભગવાન દત્તાત્રેય ની વાત સાંભળી, અધિકારી ઉપદેશ નાં પ્રભાવ થી સમચિત્ત- શત્રુ-મિત્ર પ્રત્યે ઉદાસીન સ્વ-પર ભાવ થી રહિત થયો.

સર્વ સમય ભગવાન દત્તાત્રેય જ તારક સદ્ગુરુ છે એવી ભાવના-વાળો મુક્તસંગ બન્યો (39-40)

ભગવાને સ્વરૂપ-આત્મસ્વરૂપ ની શાશ્વતતા સિદ્ધ કરતું પરમ આત્મતત્વ કહ્યું.

પરતંત્ર બનાવનારા ભોગ દૈવવશ પ્રાપ્ત થયા હોય તો પણ તે અને ભોગવાતા હોય તો પણ સ્વસ્થ રહેવું. નિરુદ્ધમા રહેવું તથા મનમાં અર્થ નાં ભ્રમો ઉભા કરતાં વિકલ્પો ને ચિત્ત માં હોમી દેવા. (43)

ૐ

આમ માયિક વિકારો ને ચિત્ત માં વિલય કરી પછી પોતાનામાં જ વિરમવું જોઈએ એમ કહી ભગવાન અજન્મા દત્તાત્રેય વિરમ્યા તથા તેમની વાત સાંભળી ને પ્રહલાદજી પણ આત્મસ્થ થયા.

હવે અર્જુનને પરમ નિવૃત્તિકારક અષ્ટાંગયોગ તથા આત્મતત્ત્વની વિદ્યા તેમજ બ્રહ્મ નાં વ્યાખ્યાન એવું મહત્ત્વ કહ્યું 45

એ મહત્ત્વ માંથી અહંકાર, પંચ તન્માત્રા, આકાશ વગેરે પંચભૂત થાય છે. તેમાંથી જગત તથા સર્વ સાધનાર વિભૂતિઓ વગેરે નો ઉદ્ભવ થાય છે (46

ઇન્દ્રિયોથી થતી અર્થની પ્રાપ્તિ તથા જાગૃતિ એ સ્થૂલ દેહ ના જાગૃતિનો અભિમાની જીવ વિશ્વનામક છે તથા લિંગનામક આત્મા, આત્મા તેમજ દેહનાં સંયોજન માં દેહ સ્થૂલ-ભૌતિક છે. (47)

એ બેનાં અભેદનાં પ્રતિપાદન માટે જ સમષ્ટિલિંગાત્મક હિરણ્યગર્ભ છે. સાધના ઉપરાંત થતાં (પકડ) અર્થયુક્ત વિષયસહિત પૂર્વસંસ્કારથી ઉત્પન્ન અનુભૂતિ તેમજ જાગૃત સંસ્કારજનિત વિષયનો અનુભવ એ બે સ્વપ્ન જ છે.
આમ લિંગદેહ અને સ્વપ્નનો તૈજસનામક વિશ્વ અભિમાની છે. (48)

બન્નેનાં સ્થૂલસૂક્ષ્મ દેહબદ્ધ આત્મજ્ઞાનને આત્મજ્ઞાની આભાસયુક્ત અવ્યાકૃત જીવને જ્ઞાન દ્વારા વ્યાકૃત કરે છે. સર્વપ્રકાર નાં જ્ઞાન-બુદ્ધિ આત્માશ્રિત થાય યુક્ત પ્રાપ્ત પ્રાપ્ય માં પરિણમે છે. (49

શુદ્ધ વગેરે ઓળખાવાળું ચિન્માત્ર બ્રહ્મ 'તત્વમસિ' એ વાક્ય થી સમજાય છે. (કેવી રીતે?)

યમ-નિયમ શુક્લ ને ગુરુનાં વચન થી (પોતાના બુદ્ધિ થી નહીં) ~~[illegible]~~ ડાબી ઈડાની સહાયથી સમજાય છે. ~~[illegible]~~ 50

બહાર નો વાયુ પૂરક કરી પૂરક ના ચાર ગણા કાળ ના અવધિપર્યંત કુંભક કરી જમણી પિંગલાની સહાય થી કુંભક નાં અરધા સમયમાં રેચક કરવો. 1-4-2. આમ પ્રાણાયામ થતાં અર્થપૂર્વક ઇન્દ્રિયો ને મન થી ખસેડવાને પ્રત્યાહાર. 51

મન પણ ચંચળ ન થાય તેમ આત્મા માં સ્થિર કરવું. મન અન્યત્ર જાય તો દરરજપૂર્વક ફરી અભ્યાસ કરવો એ ધારણા

દ્વૈત સંસ્કાર દૂર કરવા ~~[illegible]~~ ગુરુમુખ થી શ્રવણ કરતાં અદ્વૈત- પરબ્રહ્મ નો વિચારરૂપ પ્રવાહ નું સેવન કરવું. તત્વમસિ વાક્યાર્થ નું અભેદ~~[illegible]~~ પૂર્વક ધ્યાન કરવું જ્યાં સુધી સાક્ષાત્કાર થાય, પ્રયાસપૂર્વક નિસંગ રહેવું

વૃત્તિશૂન્ય ચિન્મય ચિત્ત એ સમાધિ છે.

પ્રારબ્ધ ક્ષીણ થતાં - આત્મજ્ઞાન થાય છે.

પ્રારબ્ધ ભોગવતાં છતાં જીવન્મુક્ત બને છે.

જે જ્ઞાન, ઐશ્વર્ય, તેજ, બળ, અને વાર્યાત્મક હોવાં છતાં અવ્યક્ત છે. જે વિશ્વમાં પરોક્ષરૂપે હોવા છતાં અવ્યક્ત, અચિંત્ય છતાં સમરણમાત્રથી સંતુષ્ટ થનાર છે.

પરમાનંદસ્વરૂપ પરમાત્મા હૃદયમાં સ્થિત છતાં ઇન્દ્રિયાતીત હોવાથી વૃત્તિના વ્યાપકતા નાં અભાવે જણાતાં નથી.

જે વિચાર ચિંતન થી પર છે તેનું ધ્યાન કેવું? જે કૂટસ્થ છે. એકરૂ કાલાતીત તેનું આવાહન કેવું જે વિશ્વમાં અણુ માં વ્યાપક તેને આસન કેવું. પ્રક્ષાલન, અર્ઘ્ય, જનોઈ, ગંધ પુષ્પોથી કેવાં?

જે સ્વયંપ્રકાશ તેને દીપ શું ધરું? જે જગત નું ભિરણ પોષણ કરે છે તેને નૈવેદ્ય કેવું! જે અનંત છે તેને નમસ્કાર કેવા રીતે કરું?

છતાં

હે પરમાત્મા શ્રીહરિ આપ જાગૃત થાઓ હું આપનું ધ્યાન કરું છું આપ પ્રસન્ન થાવ. (મારો) ક્ષમાસ્વાપરાધ.

નિત હે વિશ્વસાક્ષી લૌકિક જાણ્યે અજાણ્યે મારાથી થયેલાં મનવચન કે શરીરજન્ય દોષો ને હરી ને હે દયાવંત પ્રભુ મારા અપરાધ ક્ષમા કરો.

પ્રભુ મેં ક્યારેય આપનું સ્મરણ નથી કર્યું, ક્યારેય ધ્યાન નથી ધર્યું. આવાહન કે અર્ચન નથી કર્યું. ક્યારેય આપનાં ગુણગાન, સ્તવન નથી કર્યું. વંદન નથી કર્યું કે આપનાં નામનાં જપ નથી કર્યાં; હે પ્રભુ આપ મારો અપરાધ ક્ષમા કરો.

આપના માટે અવતરેલાં મારા જેવાં અપરાધીનું આપ જ શરણ છો. જેમ ભૂમિ પર ડગમગતા પગ ભૂમિ પર જ સ્થિર થાય છે. તેમ આપ જ, મારા જેવાંનું આલંબન છો એટલા માટે હે દેવ પ્રભુ હું આપનો શિષ્ય આ પ્રાર્થના કરું છું.

મન આપનાં પરમાનંદસ્વરૂપ માં હંમેશા રમમાણ રહો. જેમ નિર્વાત પ્રદેશમાં દીપક સ્થિર રહે તે રીતે સંકલ્પજનિત સર્વ કામનાઓનાં ત્યાગથી, વૈરાગ્યનાં અભ્યાસથી ચિત્ત આપનામાં જ નિવાસ કરતું થાઓ ધર્મમેઘરૂપ નિર્બીજ સમાધિ ની સિદ્ધિ પ્રાપ્ત થાઓ એજ પ્રાર્થના છે.

આપની પ્રેમલક્ષણા ભક્તિ નિરંતર થાઓ - 3 - હૃદય-મન - ધી - બુદ્ધિ આત્મ - અહંકાર, દશ ઈન્દ્રીયો વિશિષ્ટ વાચિક કર્મની સાધક વાણી કાયા - દેહે વગેરે દ્વારા પ્રાકૃતિક સ્વભાવથી તેમજ લૌકિકરૂપે પણ હું જે કાંઈ કરું છું તે બધું જ હે પરમાત્મા ભગવાન

બ્રહ્મસ્વરૂપ સત્ય છે.



દત્ત પ્રભુ આપને સમર્પું છું
આપનાં કૃપાદ નો આશ્રિત હોવાને કારણે હવે મારે કશું ઇષ્ટ કે અનિષ્ટ જેવું નથી.

હે સર્વવ્યાપક ભગવાન શ્રી દત્ત હંમેશા મારા હૃદયમાં નિવાસ કરો. મારા મન ઇન્દ્રિય તથા દેહ નાં પ્રત્યેક વ્યાપારમાં વ્યવહારકાળે નિત્ય ભગવાન શ્રી દત્ત નું સ્મરણ રહો.

પગ થી માંડી ને માથા સુધીનાં આ પાંચભૌતિક સ્થૂળ અને સૂક્ષ્મ શરીર ની હે વિશ્વાત્મા હંમેશા બહાર જ જ્યાંએ ચારે બાજુ થી આપ રક્ષા કરો.

હે પરમાત્મા દત્તાત્રેય! આપનાં ચરણકમળ માં સદા સર્વદા નમસ્કાર હો.

હવે પ્રભુ શ્રીદત્ત નું નખ-શિખ સ્વરૂપ ધ્યાન માં લીન થાઉં છું.

તે ચિદાનંદ સદ્‌ગુરુ ભગવાન દત્તાત્રેય નિત્યમુક્ત વિવર્તનાં અધિષ્ઠાનરૂપ, જગતની ઉપાદાનભૂત માયા સ્વરૂપે ઓળખાતી અનિર્વચ્ય શક્તિ સહિત, સત્ય-જ્ઞાન-અનંત વગેરે થી યુક્ત છે. જે સદ્‌ગુરુમાંથી અજ્ઞાન-અવિદ્યા-વ્યામોહ જનિત રજ્જુ માં સર્પના વિવર્તની જેમ નામરૂપાત્મક આ જગત ની ઉત્પત્તિ થાય છે તથા જે સદ્‌ગુરુ નાં (બુદ્ધિદ્વારા) જ્ઞાન થી નામરૂપાત્મક જગત નો લય થાય છે. તે એક હોવા છતાં અનેક ભાસે છે. તથા જ્ઞાન એકરૂપતાં થી એક જ છે તે પ્રભુ સંજ્ઞારૂપ સદ્‌ગુરુ →